सत्यमेव जयते

**CC NO. 656 / 2024**
**Exhibit No.**

## (નમુનો :– અ)

| કાલાવડના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી અક્ષયકુમાર સુર્યકાન્ત જાની સાહેબની કોર્ટમાં, મુ.કાલાવડ, જી.જામનગર | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૧૮/૦૬/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૬૫૬/ ૨૦૨૪ |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર. નંબર** | : : | કાલવડ ગ્રામ્ય પો.સ્ટે. ગુ.ર.નં. : – ૧૧૨૦૨૦૫૬૨૪૦૧૯૦/ ૨૦૨૪ |
| **ગુનો** | : | આઈ.પી.સી. કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | ( ફરીયાદી : મનસુખભાઈ ટપુભાઈ નારીયા) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | ડી.ડી.કારીયા | |
| **આરોપી** | : | **૧.** | **મુળજીભાઈ શામજીભાઈ નારીયા**<br>ઉ.વ.– ૬૬, ધંધો: ખેતી,<br>રહે. નવાગામ, તા. કાલાવડ, જી. જામનગર |
| | | **૨.** | **ભગવાનજીભાઈ ઉર્ફે બાઘુ શામજીભાઈ નારીયા**<br>ઉ.વ.– ૬૨, ધંધો: ખેતી,<br>રહે. નવાગામ, તા.કાલાવડ, જી. જામનગર |
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | |

## (નમુનો :– બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૧૧/૦૩/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| **ફરીયાદની તારીખ** | : | ૧૨/૦૩/૨૦૨૪ |
| **અહેવાલની તારીખ** | : | ૧૭/૦૫/૨૦૨૪ |
| **ચાર્જફ્રેમની તારીખ** | : | ૧૭/૦૫/૨૦૨૪ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૨૩/૧૦/૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૧૮/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૧૮/૦૬/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **મુળજીભાઈ શામજીભાઈ નારીયા** | ૨૧ /૦૩/૨૦૨૪ | ૨૨/૦૩/૨૦૨ ૪ | આઈ.પી.સી. કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧ ૩૫(૧) મુજબ | નિર્દોષ | – | – |
| ૨. | **ભગવાનજીભ ાઈ ઉર્ફે બાઘુ શામજીભાઈ નારીયા** | ૨૧ /૦૩/૨૦૨૪ | ૨૨/૦૩/૨૦૨ ૪ | " | નિર્દોષ | | |

**<u>: : ઠ રા વ : :</u>**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પોતાની વાડી એ પાણી વાળવા માટે ગયેલ હોય અને આરોપીઓનો વાડીમા જવાનો રસ્તો ફરી.ના

ખેતરમાંથી નીકળો હોય જે રસ્તામાં ફરી.ના પાણીની લાઈન નાખી હોય જે પાણીની લાઈન આરોપીઓના ટ્રેકટરો ચાલવાથી તુટી ગયેલ હોય જે પાણીની લાઈન રીપેરીંગ કરવાનું કહેતા આરોપીઓ ઉશકેરાઈ ગયેલ હોય અને ફરી.ને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી આરોપી નં. (૧ ) વાળા ના હાથમા પાણી વાળવાનો પાવડો હોય જે પાવડો ફરી.ને જમણી આંખ ઉપર કપાળના ભાગે મારતા ફરી.ને કપાળના ભાગે લોહી નીકળતા સારવારમાં જામનગર જી.જી. હોસ્પીટલ ખાતે દાખલ કરેલ હોય અને કપાળના ભાગે પાંચ ટાંકા આવેલ હોય અને હાલ સારવાર ચાલુ હોય જેથી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી મહેરબાન કલ ેકટર સાહેબ જામનગરના હથીયારબંધી જાહેરનામાનો તારીખ ૬/૩/૨૪, ના રોજ ભંગ કરી ગુનો કરેલ જે એકદરે થયેલ તપાસ પરથી પડેલ પુરાવાના આધારે આઈ.પી.સી. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ નો ગુનો  કરેલ છે. જેથી આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી વિરુધ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ નો ગુન્હો નોંધવામાં આવેલ.

(૨) આ કામે હાલના આરોપીઓએ મુદતે અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓએ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક–૦૪ થી તહોમતનામુ ઘડી, તેઓની સામેના ગુનાની હકીકતો વાંચી, સંભળાવી સમજાવવામાં આવતાં આ કામના આરોપીઓની આંક– ૦૫ અને ૦૬ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩) ફરીયાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :**

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| અનુ નં | નામ | આંક | સાહેદ ના |
|---|---|---|---|

| | | | **પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | મનસુખભાઈ ટપુભાઈ નારીયા | ૧૨ | ફરીયાદી |
| ૨ | વીપુલભાઈ ચનાભાઈ અકબરી | ૧૩ | પંચ સાહેદ |
| ૩ | રસીકભાઈ ભાણજીભાઈ ગઢીયા | ૧૫ | પંચ સાહેદ |
| ૪ | પરસોતમભાઈ મનસુખભાઈ રાઠોડ | ૧૬ | પંચ સાહેદ |
| ૫ | પ્રકાશભાઈ મનસુખભાઈ રાઠોડ | ૧૮ | પંચ સાહેદ |
| ૬ | લખમીબેન મનસુખભાઈ નારીયા | ૧૯ | સાહેદ |
| ૭ | મૌલિકભાઈ મનસુખભાઈ વેકરીયા | ૨૦ | સાહેદ |
| ૮ | મનસુખભાઈ રતનાભાઈ વેકરીયા | ૨૧ | સાહેદ |
| ૯ | કાનજીભાઈ ટપુભાઈ નારીયા | ૨૨ | સાહેદ |
| ૧૦ | વિજયાબેન કાનજીભાઈ નારીયા | ૨૪ | સાહેદ |
| ૧૧ | ડો.વિકાસ દીનેશભાઈ ગોંડલીયા | ૨૭ | સાહેદ |
| ૧૨ | ગીરીરાજસિંહ ઈન્દવિજયસિંહ જેઠવા | ૩૦ | સાહેદ |
| ૧૩ | સંજયભાઈ ખીમજીભાઈ ભટ્ટ | ૩૩ | ત.ક અ. |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| **નં** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૩ |
| ૨ | પંચનામા | ૧૪ |
| ૩ | પંચનામા | ૧૭ |
| ૪ | દર્દી સારવારના અસલ કેસ પેપર્સ સારવાર સટી | ૨૮ |
| ૫ | ઓપીડી કેસ પેપર્સ તથા તેની પાછળના ભાગે સર્જીકલ ડો સારવાર રીપોર્ટ તથા એકસ –રે મેડીસીન ની વિગતો મેન્સન કરેલ કુલ–૬૧ સારવારના કાગળ | ૨૯ |
| ૬ | હથીયાર બંધીના જાહેરનામા | ૩૪ |

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફે વી.એ.પી.પી.શ્રી દવારા વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, સી.આર.પી.સી કલમ– ૩૧૩ મુજબ આ કાતેઓને। આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને તેમના ઉપર ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૫) સદર કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે પરંતુ ચર્ચાનુ પુનરાવર્તન ટાળવા સારૂ સભાપદોનો ઉલ્લેખ નહી કરતા તેને સમગ્રપણે ધ્યાને રાખીને અહી આપવામાં આવેલ કારણો આવરી લ ેવામાં આવેલ છે.

(૬) પ્રસ્તૃત કામે ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

<u>૧</u> શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓઓ તા. ૧૧/૩/૨૪ના રોજ ફરીયાદીના ખેતરમાં પણી વાળવાના મુદે તકરાર કરી પાવાડનો હથિયાર તરીકે ઉપયોગ કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પાવડાથી ફરીયાદીને માથામાં સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી, ગાળો બોલી ભારતીય દંડ સંહીતા કલમ કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) નો ગુન્હો કરેલ છે?

<u>૨</u> શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના તેઓના ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

<u>૧</u> નકારમાં

<u>૨.</u> આખરી હુકમ મુજબ

## : : કા ર ણો : :

(૮) **મુદ્દા નં. ૧ અને ૨:–**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે હાલના ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદ પક્ષે તરફે આંક– ૧૨ થી ફરીયાદી **મનસુખભાઈ ટપુભાઈ નારીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે છ થી સાત મહીના પહેલા ધ્રુન ધોરાજી મોજ ડેમ નીચે તેઓની વાડીએ બનાવ બનેલો. બનાવના દીવસે તેઓએ તેમની વાડીમા પાણી વારવા માટે મોટર ચાલુ કરેલ હતી અને તેઓના બાપાના દીકરા મળુજીભાઈએ પાણી વાળવા દેવુ ન હતુ અને હાલનો બનાવ બનયો તેના એક મહીના પહેલા કુવામાંથી પાણીની લાઈન જે તેઓના ખેતરમા આવતી હતી એ લાઈન તોળી નાખેલ હતી. તુટેલી લાઈનમાંથી વીઘોઈએ પાણી પી એમ ન હતુ જેથી પાણી પાવા માટે ગયેલો ત્યારે મુળજીભાઈના નાના ભાઈ ભગવાનથી ભાઈ તેઓની સાથે વાતો કરતા હતા અને મુળજીભાઈએ પાછળથી આવીને માથાના ભાગે અને માથાના પાછળના ભાગે આમ બે ઘા માથાના ભાગે મારેલા. ત્યારબાદ તેઓ પડી ગયેલો અને મને ભાન ન હતુ. ત્યારબાદ તેઓ ઉભો થયેલો અને ભાનમા આવ્યા પછી ચાલીને તેઓના મજુર સુધી ત્યાં ગયેલો. બાબુભાઈએ તેઓના મોટાભાઈ કાન્તિભાઈને ફોન કરેલો અને કહેલ કે તમારા ભાઈને લાગેલ છે તેમને દવાખાને લઈ જવાના છે આમ વાત કરતા તેઓના ભાઈ આવી ટુ વ્હીલરમા ગામમા પહોંચાડેલી. ત્યારબાદ તેઓ બેભાન થયેલો. ત્યારબાદ એક કે બે દીવસ બાદ તેઓ જયારે ભાનમા આવ્યા ત્યારે તેમને માથાના ભાગે ટાં ક લીધેલા હતા અને તેઓ જામનગર જી જી હોસ્પિટલમા દાખલ હતો. ત્યારબાદ તેઓ દશેક દીવસ જેટલો સમય દાખલ રહેલો. આ બનાવનુ કારણ કુવામાંથી પાણી તેઓને વાપરવા ન દેવુ એના કારણે બનેલો. જે ફરીયાદ આંક–૧૩ થી રજુ છે.

(૮.૧) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપી તેઓના બાપાના દીકરા ભાઈ થાય છે જેથી બનાવ પહેલાથી તેઓ તેમને ઓળખતા હોય. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓની અને આ કામના આરોપીઓની વાડી સહીયારી વાડી(કુવો ) છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, વાડી એ જવાનો રસ્તો તેઓ ફરીયાદી તથા આરોપીઓનો સહીયારો રસ્તો છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, કુવેથી ખેતર સુધી પાણી લઈ જવા માટે તેઓ ફરીયાદીએ પાઈપલાઈન નાખેલી છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓના સહીયારા રસ્તામા ટ્રેકટર તથા ગાડાબળદ ચાલે છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓની પાઈપલાઈન તુટી ગયેલ હોય જેથી આ કામના આરોપીઓ સાથે તેઓને અગાઉથી મનદુખ છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, નવાગામ મુકામે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર આવેલુ છે ત્યા તેઓ કોઈ સારવાર લીધેલી નથી. તેઓની વાડી અને ખેતરની આજુબાજુમા અન્ય કોઈ લોકોના વાડી ખેતરો આવેલા નથી. એ વાત તેઓને યાદ નથી કે તેઓની સરતપાસમા જણાવેલ હકીકત,'' એક મહીના પહેલા કુવામાંથી પાણીની લાઈન જે મારા ખેતરમા આવતી હતી એ લાઈન તોળી નાખેલ હતી. તુટેલી લાઈનમાંથી વીધોઈએ પાણી પી એમ ન હતુ જેથી પાણી પાવા માટે ગયેલો.'' તેઓએ તેમની ફરીયાદમા લખાવેલ હતી કે કેમ.

(૮.૨) સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ બન્યા બાદ તેઓ કેટલા સમય પછી ભાનમા આવેલો તે તેમને યાદ નથી. બનાવ બન્યા બાદ હોસ્પીટલમા પોલીસ તેઓની પાસે લખાવવા માટે આવેલ. તેમને કોઈ લેખીત અરજી આપેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓએ સરતપાસ મા જણાવેલ મજુર બાબુભાઈ વાડીએ હાજર હતા. એ વાત તેમને યાદ નથી કે આજુબાજુમા બીજા કોઈ માણસો હાજર હતા કે કેમ. તેમને યાદ નથી કે તેઓની સરતપાસમા જણાવેલ હકીકત,'' મુળજીભાઈના નાના ભાઈ ભગવાનથી ભાઈ મારા સાથે વાતો કરતા હતા અને મુળજીભાઈએ પાછળથી આવીને માથાના ભાગે અને માથાના પાછળના ભાગે આમ બે ઘા માથાના ભાગે મારેલા.'' તેઓએ તેમની ફરીયાદમા લખાવેલ કે કેમ. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓ કોઈ ફરીયાદ આપેલ નથી.

(૯.) ત્યાર બાદ ફરીયાદ પક્ષે તરફે **પંચ સાહેદ ને આંક–૧૩ વીપુલભાઈ ચનાભાઈ અકબરી** થી તથા **બીજા પંચ સાહેદ રસીકભાઈ ભાણજીભાઈ ગઢીયા** ને **આંક– ૧૫** થી તપાસેલ છે. આ પંચસાહેદો તેની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર સ્થાનિક જગ્યાના પંચનામું **આંક–૧૪** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદો તેતેઓની જુબાનીમાં સ્થાનિક જગ્યાના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા મુદામાલ રીકવરી પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેતેઓની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી **આંક–૧૪** વાળું સ્થાનિક જગ્યાનુ પંચનામું પુરવાર થતું નથી.

(૯.૧) ત્યાર બાદ ફરીયાદ પક્ષે તરફે **પંચ સાહેદ પરસોતમભાઈ મનસુખભાઈ રાઠોડ ને અં ।ક–૧૬** થી તથા **બીજા પંચ સાહેદ** પ્રકાશભાઈ મનસુખભાઈ રાઠોડ ને **આંક– ૧૮** થી તપાસ ેલ છે. આ પંચસાહેદો તેની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર અટક પંચનામું **આંક–૧૭** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદો તેતેઓની જુબાનીમાં અટક કર્યાના પંચનામા ની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા મુદામાલ રીકવરી પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચ સાહેદો તેઓની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી **આંક–૧૭** વાળું અટક પંચનામું પુરવાર થતું નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ **લખમીબેન મનસુખભાઈ નારીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે છ થી આઠેક મહીના પહેલા બનેલો. બનાવ તેઓની ધોરાજીની સીમમા આવેલ

નવાગામમમાં આવેલ વાડીમાં બપોરના સાળા ત્રણ વાગ્યે બનાવ બનેલો. બનાવના દીવસ ે મનસુખભાઈ તેઓના પતિ જયારે તેઓની વાડીમા પાણી વાળતા હતા ત્યારે મળજીભાઈએ તેઓના પતિને માથાના ભાગે પાવડા વડે માર મારેલો. આ બનાવનુ કારણ ચોકકસ શું હતુ તે તેમને ખબર નથી ત્યાર તેઓ તેમની વાડીના બીજા શેઢે હતી ત્યારે તેઓ તેમના પતિને માર મારતા જોએલા. તેમને જો મુદામાલ વાળો પાવડો બતાવતામા આવે તો તેઓ તે ઓળખી શકતા હોય કે આ એ જ પાવડો છે કે કેમ જેના વડે મુળજીભાઈએ તેઓના પતિ ને માર મારેલો. હવે તેઓ મુદામાલ વાળો પાવડો જોઈને કહુ છુ કે આ એ જ પાવડો છે કે કેમ તે ચોકકસ રીતે કહી શકાય નહીં કારણ કે તેઓની વાડીમા ત્રણ ચાર પાવડા હતા. આ બનાવ બનયા બાદ તેઓના પતિને તેમના જેઠ સારવાર માટે લઈ ગયેલા. આ બનાવ સમયે મુળજીભાઈની સાથે ભગુભાઈ પણ ત્યાં હાજર હતા તેમણે તેઓના પતિને પકડેલ હતા મુળજીભાઈએ માર મારેલો. આ ઈજા થતા તેઓના પતિને કાલાવડ સરકારી દવાખને લઈ આવેલા જયાં પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે જામનગર સરકારી હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલા અને જયા તેમને ટાંકા લીધેલા અને દશથી બાર દીવસ દાખલ રાખેલા.

**(૧૦.૧)** આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપીઓ મુળજીભાઈ શામજીભાઈ નારીયા અને ભગવાનજીભાઈ ઉર્ફે બાબુ શામજી નારીયા તેઓના જેઠ થાય છે જેમને તેઓ બનાવ પહેલાથી જ ઓળખતા. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપીઓની અને તેઓની વાડી બાજુ બાજુમા આવેલી છે અને વાડીએ જવાનો રસ્તો સહીયારો છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓના પતિ અને આ કામના આરોપીઓ વચ્ચે રસ્તામા પાઈપ લાઈન બાબતે અગાઉથી જ મનખદુખ રહેલુ છે. સાહેદે સ્વીકાર્યુ છે કે તેઓનુ નીવેદન પોલીસ હાથથી લખતી હતી ,નવાગામ ખતે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર આવેલુ છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, પાવડો ખેતીનુ ઓજાર છે અને તે દરેક વાડીમા હોય છે. પોલીસે તેઓનુ નીવેદન બનાવના ત્રણ ચાર દીવસ પછી લીધેલુ.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૦ થી સાહેદ **મૌલિકભાઈ મનસુખભાઈ વેકરીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે છ થી સાત મહીના પહેલા બનેલો. બનાવના દીવસે તેઓ તેમની દુકાને હતો ત્યારે મને મારા સાસુ લક્ષ્મીબેન નો ફોન આવેલ અને તેમને વાત કરેલી કે તેઓના સસરા મનસુખભાઈને મુળજીભાઈએ માર મારેલો આમ વાત કરતાં તેઓ સરકારી દવાખાને આવતા હોય ત્યારે સરકારી દવાખાને તેઓ ગયેલા જયાં તેમને અગાઉ સરકારી દવાખાને થી જામનગર સરકારી હોસ્પી.મા વધુ સારવાર માટે દાખલ કરેલા. જયાં તેમને એક અઠવાડીયો જેટલો સમય દાખલ રાખેલા. આ બનાવ વીશે તેઓને તેમના સસરાએ તેમને વાત કરેલ કે તેમને માથાના ભાગે પાવડો મારેલ છે જે બે ભાઈઓ છે તે પૈકી એક નુ નામ મુળજીભાઈ તથા બીજાનુ નામ તેમને ખબર નથી તેમણે તેઓને તેમની વાડીએ જવાના રસ્તા બાબતે હાલનો બનાવ બનેલાનુ જણાવેલ આ સીવાય બીજુ કાંઈ બનેલ હોય તેવુ બનેલ નથી.

(૧૧.૧) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે,, બનાવ સમયે તેઓ તેમની દુકાને હતો બનાવ તેમને નજરે જોયેલો નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ અંગેની જાણ મને વાતો વાતો થી તથા ફોન દવારા જાણવા મળેલી. તેમને ફોન કરનાર લક્ષ્મીબેન તેમના સાસુ થાય છે અને મનસુખભાઈ તેઓના સસરા થાય છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના આરોપી મુળજીભાઈ તેઓના સસરાના કુટુંબી ભાઈ થાય છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, મુળજીભાઈ તેઓના સસરા ના કૌટુંબી ભાઈ થતા હોય જેથી તેઓ તેમને બનાવ પહેલાથી ઓળખતા હોય. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓના સસરા મનસુખભાઈ તથા આ કામના આરોપીઓ વચ્ચે બનાવ પહેલાથી રસ્તા બાબતેનુ મનદુ:ખ ચાલે છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ અંગેનુ નીવેદન તેમને જામનગર મુકામે આપેલું છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, કાલાવડ પોલીસે તેઓનુ નીવેદન લીધુ હોય એવુ બનેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ **મનસુખભાઈ રતનાભાઈ વેકરીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે છ થી સાત મહીના પહેલા બનેલો. બનાવના દીવસે તેઓ તથા તેઓનો દીકરો તેમની દુકાને હતો ત્યારે તેઓના દીકરાને તેના સાસુ લક્ષ્મીબેન નો ફોન આવેલો અને તેમણે વાત કરેલી કે તેમના વેવાઈ મનસુખભાઈને મુળજીભાઈએ માર મારેલો આમ વાત કરતાં તેઓ સરકારી દવાખાને આવતા હોય ત્યારે સરકારી દવાખાને તેઓ ગયેલા જ્યાં તેમને અગાઉ સરકારી દવાખાને થી જામનગર સરકારી હોસ્પી.મા વધુ સારવાર માટે દાખલ કરેલા. જ્યાં તેમને એક અઠવાડીયો જેટલો સમય દાખલ રાખેલા. આ બનાવ વીશે તેઓને તેમના દીકરાએ તેમને વાત કરેલ કે તેઓના વેવાઈને માથાના ભાગે પાવડો મારેલ છે જે બે ભાઈઓ છે તેઓના નામ તેઓને ખબર નથી. આ સીવાય બીજુ કાંઈ બનેલ હોય તેવુ બનેલ નથી.

(૧૨.૧) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ સમયે તેઓ તેમની દુકાને હતો બનાવ તેમને નજરે જોયેલો નથી. બનાવ વિશે તેમને કોઈ જાત માહીતી ન હોવાનુ જણાવેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ **કાનજીભાઈ ટપુભાઈ નારીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી એકાદ વરસ પહેલા બનેલો. ધુન ધોરાજી ગામે ડેમની પાછળ આવેલ તેઓની વાડીએ બનાવ બનેલો. આ બનાવમાં આશરે સાંજના પાંચેક વાગે બનેલો આ બનાવમા તેઓ તેમની વાડીએ હાજર ન હતો બનાવ શું બનેલો તેમને ખબર નથી. ત્યારબાદ તેઓ તેમના નાના ભાઈ મનસુખભાઈને નવાગામ પ્રા દવાખાને સારવાર માટે લઈ ગયેલા. આ બનાવમા તેમના ભાઈ મનસુખભાઈને માથાના ભાગે ઈજા થયેલ હતી. તે સમયે તેઓનો ભાઈ ભાનમાં ન હતો તેઓએ એને ત્યારે કંઈ પુછેલુ નહીં. બનાવ બન્યો ત્યારથી લઈને આજદીન સુધી બનાવમા શું બનેલુ તે તેઓએ તેમના ભાઈને પુછેલુ નહીં. આ બનાવ કઈ બાબતના કારણે બનેલો તેની

તેમને ખબર નથી. તેઓ તેમના ભાઈને દવાખાને લઈ ગયેલો ત્યાર તેઓનો ભાઈ ડોકટર ને કંઈ બોલેલ નથી.

**(૧૩.૧)** આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે,આ કામના આરોપીઓ મુળજીભાઈ શામજીભાઈ નારીયા અને ભગવાનજીભાઈ ઉર્ફે બાબુ શામજી નારીયા તેઓના બાપાના દીકરા ભાઈ થાય છે જેમને તેઓ બનાવ પહેલાથી જ ઓળખતા હોય. સાહેદે સ્વીકાર્યુ છે કે, પોલીસે તેઓનુ કોઈ નીવેદન લીધુ નથી કે તેમને પોલીસને કંઈ લખાવેલ હોય એવુ બનેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ વિશે તેમને કોઈ જાત માહીતી નથી.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ **વિજયાબેન કાનજીભાઈ નારીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને બનાવ વિશે કોઈ જાત માહિતી નથી. બનાવ કઈ રીતે બનેલો તેની તેઓને કોઈ જાત માહિતી નથી. સદર સાહેદ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય એપીપીશ્રીની મૌખીત વિનંતીથી પ્રશ્નોતરી કરતા તેમના જવાબમાં કોઈ હકીકત બહાર આવતી નથી.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ **ડો.વિકાસ દીનેશભાઈ ગોંડલીયા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૧ /૦૩/૨૦૨૪ નાં રોજ જી જી હોસ્પીટલ ખાતે સી એમ ઓ તરીક ફરજ પર હાજર હતા ત્યારે તેઓની ડયુટી પરનો સમય રાત્રીના ૦૮:૦૦ વાગ્યાથી બીજા દિવસનાં સવારના આઠ વાગ્યા સુધીનો હતો ત્યારે મનસુખભાઈ ટપુભાઈ નારીયા,ઉ.વ.૪૦, રહે. નવાગામ કાલાવડ જી.જામનગરનાઓ તેઓની પાસે સારવાર માટે રાત્રીના ૦૯:૩૦ વાગ્યે અમો પાસે સારવાર અર્થે તપાસમાં આવેલા. દર્દીને હિસ્ટ્રી બાબતે પુછતા તેઓએ જણાવેલ કે, તા.૧૧/૩/૨૪ ના સાંજના પાંચ વાગ્યે બે વ્યકિતઓ દવારા તેમના માથા પર કુંહાડી વડે માર મારેલ ત્યારબાદ તેઓને સારવાર અર્થે નવાગામ પ્રા.હોસ્પીટલ લઈ જવામા આવેલ જયાથી તેમને કાલાવડ સરકારી દવાખાને રેફર કરેલ ત્યારબાદ કાલાવડ સરકારી દવાખાને થી

જામનગર જી જી હોસ્પીટલ ખાતે રેફર કરેલ રાત્રે નવેક વાગ્યે પહોચેલ તેમની તપાસમાં તેમણે મને તેમના ભાઈએ ઈજા કરેલ તેવુ લખાવેલુ નામ લખાવેલ નહી. તેઓની ઈજાની તપાસ કરતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ. ઈજા નં.૧. માથાના ડાબા ભાગમાં કપાયેલો છુદાયેલો ઘા ૫ સેમી લંબાઈ ×૨ સે.મી પહોળાઈ ×૧ સે.મી. ઉંડાઈ જોવા મળેલ. જેમનો સીટી સ્કેન નો રીપોર્ટ કરેલો, સોનોગ્રાફી કરેલી તથા એકક્ષરે પાડેલા જે જોતા તેમના માથાના સીટી સ્કેન ના રીપોર્ટમાં માથા અને ચહેરાના હાડકાઓમાં ફેકચર જણાયેલુ બાકીના રીપોર્ટ નોરર્મલ હતા. તે સીવાય દર્દીને કોઈ આં તરીક ઈજાઓ જોવા મળેલ નહી. જે માટે દર્દીને મેઈલ સર્જીકલ. વોર્ડ નં.૭ ઈન્ડોર નં. ૨૮૭૧ ૦૬૬ થી પેસેન્ટ તરીક દાખલ કરેલ અને તા. ૧૯/૦૩/૨૦૨૪ ના રોજ દર્દીને સારવાર પુરી થતા ના રોજ અંદરના દર્દી તરીકે રજા આપેલ. આજરોજ દર્દીના સારવારના તમામ અસલ કેસ પેપર્સ સાથે લાવેલ હોય જે પૈકી ઈજા પામનાર મનસુખભાઈ ટપુભાઈ નારીયા ઉ.વ. ૪૦, રહે.નવાગામ તા.કાલાવડ જી.જામનગરવાળાનું ઈન્જરી સર્ટી એમ.એલ.સી.નં. ૨૨૩૪/૨૦૨૪ જેના સર્ટી નં. ૩૮૫/૨૦૨૪ વાળુ સારવાર સર્ટીની અસલ સાથે લાવેલ છુ જેમાં ઉપરના ભાગે હોસ્પીટલનો રાઉન્ડ સીલ તથા સર્ટીફીકેટના નીચે જમણી બાજુ તેઓના હોદાનો સીકકો તથા સહી આવેલ છે જેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય જેમા તેઓના હસ્તાક્ષરમાં છે જે અત્રેની કોર્ટમાં રજૂ કરુ છુ જે રજુ દા.આંક– ૨૮ થી રજુ હોય. તેઓં તેઓની સાથે સદર ઈજા પામનાર દર્દીને સારવારના તમામ પેપર્સ સાથે લાવેલ છુ જેમાં સારવારના કાગળો જેમાં સદર દર્દીનો ઓપીડી કેસ પેપર્સ તથા તેની પાછળના ભાગે સર્જીકલ ડોકટરનો સારવાર રીપોર્ટ તથા એકસરે તથા મેડીસીનની વિગતો મેન્સન કરેલી છે જે કુલ ફરદો–૫૫ વાળા તથા એકસ–રે રીપોર્ટ–૬ એમ કુલ ૬૧ સારવારના કાગળ આ કામે સંયુકત રજુ દા.આંક–૨૯ થી રજુ છે . આ ઈજાઓ ગંભીર પ્રકારની ઈજા હતી. આ ઈજાઓ મારા મંતવ્ય મુજબ ઉપરોકત ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવા પ્ર કારની ઈજા હોવાથી ગંભીર પ્રકારની હતી જેને સામાન્ય રીતે સારૂ થતા ૩૦ દિવસ થી લઈને ૯૦ દિવસ સુધી સમય લાગે તેવી હતી.

(૧૫.૧) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, દર્દી સીધાજ સર્જીકલ વોર્ડમા ગયેલ હોય અને ત્યા સારવાર કરેલ હોય, જેથી તેઓની રુબરુ સારવાર થયેલ નથી સાહેદે સ્વીકાર્યુ છે કે, દર્દી ને થયેલ ઈજા અંગે અમોને કોઈ અંગત જાત માહીતી નહી. સાહેદે સ્વીકાર્યુ છે કે, દર્દી તેઓની પાસે આવેલ જ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, દર્દીએ અમારા રુબરુ કોઈ હીસ્ટ્રી આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે દર્દીના સગાએ હીસ્ટ્રી આપેલ છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ પ્રકારની ઈજા ખેતી કામ કરતા સમયે ખેતી ના સાધનોનો ઉપયોગ કરતી વેરા એ તથા પડી જવાથી થઈ શકે તેવા પ્રકારની છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, દર્દીના ના સગાવાલાઓએ હીસ્ટ્રીમાં કોઈ વ્યકિતઓના નામ જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, પોલીસે મારુ કોઈ નીવેદન નોંધેલ નથી.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૦ થી સાહેદ **ગીરીરાજસિંહ ઈન્દવિજયસિંહ જેઠવા** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૨.૦૩.૨૪ ના રોજ તેઓ પો.હેડ.કોન્સ તરીકે કાલવડ ગ્રામ્ય પો.સ્ટે.માં ફરજ પર હતા તે દમ્યાન ફરીયાદ મનસુખભાઈ ટપુભાઈ નારીયા નવાગામ વાળાએ તેઓની રુબરુ તેમની ફરીયાદ જાહેર કરતા એફ.આર.આઈ નં.૦૧૯૦/૨૪ ફરીયાદ પી.એસ.ઓ એ ફરીયાદ ફાડેલ ત્યારબાદ આ કામની તપાસ તેઓને સોંપતા તેમણે આ કામના આરોપી ની અટક કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલા અને તપાસના કામે તેઓએ બનાવ વાળી જગ્યાનુ પંચનામુ પંચો રુબરુ કરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોધી, ફરીયાદીએ લીધેલ સારવાર ના કાગળો મેળવી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની કોર્ટ મા ચાર્જશીટ કરેલ છે.

(૧૬.૧) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, ફરીયાદી દવારા કરવામા આવેલ ફરીયાદ તેના કુટુંબીક મોટા બાપાના દિકરાઓ ઉપર કરવામા આવેલ છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, આ કામના ફરીયાદીને તેમના કુટુંબીક મોટા બાપાના દિકરાઓ સાથે રસ્તા બાબતે કોઈ તકરાર ચાલતી હતી કે કેમ તે અંગે કોઈ તપાસ કરેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, ફરીયાદીએ ફરીયાદમાં કુહાડીથી ઈજા થયેલ હોય તેવુ જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, તેઓની તપાસ દરમ્યાન

ફરીયાદીને બે આરોપીઓએ હથીયાર વડે તેઓને ઈજા કરેલ હોય તેવુ ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવવાળી જગ્યાની આજુ બાજુમાં અનેક ખેતરો આવેલા છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, બનાવ વાળી જગ્યાની આજુ બાજુના ખેતરો ના માલીકોના સ્વતત્ર સાહેદોના કોઈ નિવેદનો નોંધેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, તપાસના કામે જે નીવેદનો લીધા છે તે નીવેદનો ફરીયાદીના સગા સબંધીઓના છે. સાહેદે સ્વીકાર્યુ છે કે, તપાસ દરમ્યાન બનાવ નજરે જોનાર કોઈ સાહેદોના નીવેદનો નોંધવામા આવેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, તપાસ દરમ્યાન કોઈ ઈજા પામનારનાં લોહી વાળા કપડા મુદામાલ તરીકે કબ્જે કરવામા આવેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, ઈજા પામનારે નવાગામ મુકામે પ્રા.હોસ્પીટલમા સારવાર લીધેલ હોય તેમજ કાલાવડ સરકારી દવાખાને સારવાર લીધેલ હોય તે અંગેના કોઈ કાગળો તપાસ દરમ્યાન કબ્જે કરેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, તપાસ દરમ્યાન જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી દવારા બહાર પાડવામા આવેલ જાહેરનામાં અંગે તે કચેરીના કોઈ કર્મચારી કે અધિકારીનું નીવેદન નોંધેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે, ફરીયાદીએ તેની ફરીયાદમા કેવા પ્રકારની ગાળો આપેલી તેના ચોકકસ શબ્દો ફરીયાદમા જણાવેલ નથી.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે આંક– ૩૩ થી સાહેદ **સંજયભાઈ ખીમજીભાઈ ભટ્ટ** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ જુલાઈ–૨૦૨૪ થી કલકેટર કચેરી ફોજદારી શાખા, જામનગર ખાતે કલાર્ક તરીકે તેઓની ફરજ બજાવુ છુ. તેઓ તેઓની સાથે હથિયારબંધી અંગેનુ જાહેરનામું જે જાહેરનામાં ક્રમાંક ડી.એમ./હથીયાર બંધી/૦૬૦૩/૨૦૨૪ થી આવેલ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ભાવેશ એન.ખેર, જામનગર નાઓનુ તા.૦૬.૦૩.૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ થયેલુ જે જાહેરનામાનો વિસ્તાર તા.૦૭.૦૩.૨૦૨૪ થી તા.૦૫.૦૪.૨૦૨૪ ના બંને દિવસો સહિતનુ આવેલ છે જેની ખરી નકલ તેઓ તેમની સાથે લાવેલ હોય જે અત્રેની કોર્ટમાં રજૂ કરુ છુ આ હથીયારબંધીના જાહેરનામાની ખરીનકલ કરનાર એકઝીકયુટીવે મેજીસ્ટ્રેટ ડી.બી.નંદાસણા, જામનગર નાઓની સહી છે બંને સહીઓ ઓળખી બતાવતા હોય અને જે દા.આંક–૩૪ આપવામાં આવેલ છે. સદર જાહેરનામું મુદત હરોળમાં આવેલ જાહેરનામું છે જે વખતો વખત જિલ્લા

મેજીસ્ટ્રેટ કચેરી ધ્વારા પ્રસિધ્ધિના નિયમો મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે. સદર જાહેરનામાં ની નકલ આ કામના ત.ક.અ. એ તપાસમાં રજૂ રાખેલ છે તે જ છે.

(૧૭.૧) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરી છે જેમા સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ કલાર્કનો હોદો ધરાવુ છું. સાહેદે સ્વીકાર્યું છે કે, આ જાહેરનામું પ્રસિધ્ધ કરવાના તેઓને કોઈ પાવર્સ નથી. જગ્યાવાળું જાહેરનામું તેઓની સહીથી પ્રસિધ્ધ થયેલ નથી. આ જાહેરનામું કોઈ પણ સ્થાનીક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે કે કેમ તેની તેમને કોઈ જાત માહીતી નથી કે તેઓએ કોઈ ખરાઈ કરેલ નથી.

(૧૮) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય.

હાલના કામ આ કામના આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે.

(૧૯) તમામ હકીકતો અને સંજોગો તેમજ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ઝીણવટ પુર્વક અભ્યાસ કરવામાં આવેલ છે આ કામે આંક–૧૩ ની એફ.આઈ.આર મુજબ ની હકીકત સ્પષ્ટ છે કે બનાવ ફરીયાદીની ખેતીની જમીનમાં બનેલો, બનાવ વખતે ફરીયાદી એકલા જ હાજર હતા એટલ ે ક ે તેમના ઘરના સભ્યો કોઈ હાજર ન હતા, બનાવમાં ફરીયાદીને ભગવાનભાઈએ પકડી રાખ્યા હતા અને મુળજીભાઈએ હાથમાં રહેલ પાવડો

કપાળના ભાગે મારતા લોહી નીકળવા લાગેલુ પરંતુ ફરીયાદી બેભાન થયેલા નહી, પરંતુ ફરીયાદી જાતે જ ચાલીને તેમના મોટાભાઈ કાનજીભાઈની વાડી એ ગયેલા અને આ કાનજીભાઈ ફરીયાદીને સારવાર માટે દવાખાને લઈ ગયા હતા. ફરીયાદીના આ આક્ષેપની હકીકતો ધ્યાને રાખીને હવે ફરીયાદીનો આંક– ૧૨ વાળો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને રાખવામાં આવે તો ફરીયાદી મનસુખભાઈ એ સરતપાસમાં એવુ જણાવેલ છે કે, ભગવાનભાઈ તેમની સાથે વાતો કરતા હતા અને મુળજીભાઈ એ પાછળથી આવી માથાના ભાગે બે ઘા મારેલા જે હકીકત ફરીયાદથી વિરોધાભાસ છે કારણકે ફરીયાદમાં એવો સ્પષ્ટ આક્ષેપ છે કે ભગવાનભાઈએ પકડી રાખયા હતા અને મુળજીભાઈએ માર મારેલ હતો. આટલ ેથી નહી અટકતા વધુ સરતપાસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો ફરીયાદી એવુ પણ જણાવેલ છે કે તેઓ પડી ગયેલા હતા અને ભાન ન હતુ અને ભાનમાં આવ્યા પછી તેઓ ચાલીને મજુર સુધી ગયેલા આ હકીકતને આંક–૧૩ ની ફરીયાદ હકીકત સાથે મુલ્યાકંન કરવામાં આવે તો ફરીયાદી કયાંય બેભાન થયેલા હોય તેવી લેશમાત્ર કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. વળી ફરીયાદીએ ફરીયાદમાં સ્પષ્ટ જણાવેલ છે કે ભગવાનભાઈએ પકડી રાખયા હતા મુળજીભાઈએ પાવડો માર્યો હતો આ પરસ્થિતીમાં ફરીયાદી મુદામાલ પાવડાને ઓળખી શકવા જોઈએ પરંતુ સરતપાસમાં ફરીયાદી એવુ જણાવે છે કે પાવડો પાછળથી મારવામાં આવેલ જેથી તેઓ ઓળખી શકે નહી. આ ફરીયાદી સાહેદની આરોપી પક્ષે ઉ.ત. કરવામાં આવેલ છે જેમાથી ફરીયાદીની સ્વીકૃતી દવારા બહાર આવેલ હકીકતો ધ્યાને રાખવામાં આવે તો તેઓની પાઈપ લાઈન તુટી ગયેલ હતી જેથી તેઓનુ અગાઉથી આરોપી સાથે મનદુ:ખ ચાલતુ હતુ.

**(૧૯.૧)** ફરીયાદી એવુ પણ સ્વીકાયુ છે કે નવાગામ મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ જે જયાં તેમને કોઈ સારવાર લીધેલ નથી. જયારે આંક–૧૩ વાળી ફરીયાદ ધ્યાને રાખવામાં આવે તો તેમા સ્પષ્ટ જણાવે છે કે ફરીયાદીના ભાઈ કાનજીભાઈ તેમને મો.સા બેસાડી તેમને નવાગામ લાવેલા હતા અને ત્યાંથી પ્રાઈવેટ વાહનમાં કાલાવડ અને જીજી હોસ્પીટલ જામનગર ગયા હતા પરંતુ ઉ.ત. માં ફરીયાદી સ્પષ્ટ સ્વીકારે છે કે નવાગામ ખાતે કોઈ સારવાર લીધેલ નથી આમ, આ કામે અતિ મહત્વના કહી શકાય તેવા ઈજા

પામનાર ખુદ ફરીયાદી છે અને તેઓનો પુરાવો જ ફરીયાદ હકીકતથી તદન વિરોધાભાસી અને વિસંગતતા સભર જણાય છે જેથી ફરીયાદીના એકમાત્ર પુરાવાને આધારભુત પુરાવા તરીકે ગ્રાહય રાખવો ઉચિત જણાતુ નથી.

**(૨૦)** આ કામે ફરીયાદીના પત્ની લક્ષ્મીબેનને આંક– ૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે ફરીયાદ હકીકત મુજબ આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેમ છતાં આ સાહેદ તેમની સરતપાસમાં જાણે કે બનાવ નજરે જોયેલ હોય તે મતલબનો પુરાવો આપવા પ્રયત્ન કરે છે અને મુળજી ભાઈએ તેમના પતિને માથાના ભાગે પાવડા વડે માર મારેલ તેવુ જણાવેલ છે પરંતુ બનાવ નુ શું કારણ હતુ તે તેમને ખબર નથી આ સાહેદ પાવડો ઓળખી બતાવી શકતા નથી. આ સાહેદની પણ આરોપીપક્ષે ઉ.ત. થી આવેલ હકીકતો બહાર આવે તો તેણી સ્વીકાર્યા મુજબ તેણીના પતિ અને આરોપી વચ્ચે રસ્તા પાઈપ લાઈન બાબતે અગાઉથી મનદુ:ખ ચાલી આવતુ હતુ.

**(૨૦.૧)** આ સિવાય ફરીયાદપક્ષના સાહેદ મૌલીકભાઈ મનસુખભાઈ વૈકરીયા આંક–૨૦ થી સોગંદ ઉપર પુરાવો આપે છે અને તેમની સરતપાસથી જ સ્પષ્ટ છે કે બનાવ સમયે તેઓ હાજર ન હતા અને તેમની દુકાને તેઓ હતા અને આ સમયે તેમના સાસુ લક્ષ્મી બેનનો ફોન આવેલ અને તેઓ દવાખાને ગયેલા જયા તેમના સસરા તેમને વાત કરેલ એટલે કે આ સાહેદ હીયર્સ સાહેદ છે પરંતુ તેમને જે હકીકત જણાવેલ છે તે ખુદ ઈજા પામનાર ફરીયાદીએ જણાવેલ છે હવે ફરીયાદીએ શું હકીકત જણાવેલી એ સંદર્ભમાં જોવામાં આવે તો આ સાહેદ તેવો પુરાવો આપે છે કે ફરીયાદી તેમને જણાવેલ કે તેમને માથાના ભાગે પાવડો મારેલ છે જે બે ભાઈ છે તે પૈકી એક નામ મુળજીભાઈ બીજાનુ નામ ખબર નથી. આ હકીકત સંદર્ભમાં આંક–૧૨ વાળી ફરીયાદ જોવામાં આવે તો નામજોગ આપવામાં આવેલ છે અને ફરીયાદમાં એવુ પણ સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી ફરીયાદીના મોટાબાપાના દીકરા થાય છે તેમ છતાં આ સાહેદ ફરીયાદી તેમના સસરા થતા હોય ફરીયાદીની હકીકતને સમર્થન આપવા યેન કેન પ્રકારે પ્રયત્ન કરી સોગંદ ઉપર પુરાવો આપી રહયા હોય તેવુ માનવાને કારણ જણાય છે. આ સાહેદે પણ ઉ.ત.માં એવુ સ્પષ્ટ સ્વીકારેલ છે કે, તેમના સસરા મનસુખભાઈને

આરોપી વચ્ચે રસ્તા બાબતે મનદુ:ખ ચાલતુ હતુ આથી વિશેષ હકીકત ધ્યાને રાખવામાં આવે તો, આ સાહેદના સ્વીકાર્યા મુજબ પોલીસે તેમનુ કોઈ નીવેદન લીધેલ નથી.

(૨૦.૨) તેવી જ રીતે આ કામે મનસુખભાઈ વેકરીયાને આંક– ૨૧ થી તપાસેલા છે તેઓ સ્પષ્ટ જણાવેલ છે કે, બનાવ દીવસે તેઓ અને તેમનો દીકરો દુકાને હતા અને તેમના દીકરાના સાસુ લક્ષ્મી બેનનો ફોન આવેલ અને તેમના દીકરાએ વાત કરેલી કે તેમના વેવાઈ માથામાં પાવડો મારેલ છે તે બે ભાઈ છે તેમના નામ તેમને ખબર નથી આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેવુ સ્વીકારે છે અને હીયર્સે વીટનેશ છે તેઓ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી આ સિવાય આંક–૨૨ થી સાહેદ કાનજીભાઈ સોગંદ ઉપર જણાવેલ છે કે, બનાવ શું બનેલો તેની તેમને ખબર નથી જેથી આ સાહેદનો પુરાવો વિશેષ કોઈ મહત્વ રહેતો નથી. ત્યારબાદ આંક– ૨૪ થી વીજયાબને સ્પષ્ટ જણાવેલ છે કે, બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને પરવાનગી મેળવી પ્રોશીકયુશને ઉ.ત. કરેલી છે પરંતુ તેમાથી મહત્વની હકીકત બહાર કઢાવી શકેલ નથી.

(૨૦.૩) આ કામે ફરીયાદ હકીકત મુજબ પાવડાનો ઘોકો ફરીયાદીને માથામાં મારતા આંખના ભાગે વાગતા લોહી નીકળવા લાગેલુ તે સંદર્ભ જોવામાં આવે તો મેડીકલ ઓફીસરનો પુરાવો અતિ મહત્વનો કહી શકાય પ્રોશીકયુશને આંક–૨૭ થી ડો. વીકાસ ગોડલીયા સોગંદ પર તપાસેલા છે આ સાહેદના પુરાવા મુજબ તેઓ તા.૧૧/૩/૨૪ ના રોજ ફરજ ઉપર હતા ત્યારે મનસુખભાઈ સારવાર માટે આવેલા અને હીસ્ટ્રી પુછતા તા. ૧૧/૩/૨૪ ના રોજ સાંજે બે વ્યકિતઓ દવારા માથાના ભાગે કુહાડી વડે માર મારેલ હોવાનુ જણાવેલ છે નામજોગ હકીકત જણાવેલ નથી. આંક–૧૨ ની ફરીયાદ હકીકત માં જોયુ તેમ સ્પષ્ટ આક્ષેપ છે કે આરોપીઓ ફરીયાદીના મોટા બાપુ દીકરા થાય છે તેમ છતા સારવાર વખતે આ ફરીયાદી મેડીકલ ઓફીસર સમક્ષ કોણે કુહાડીથી માર મારેલ તેવી લેશમાત્ર હકીકત જણાવતા નથી.

(૨૦.૪) આથી વિશેષ હકીકતે તપાસ અધિકારી સાહેદ ગીરીરાજસિંહનો આંક–૩૦ નો સોગંદ પર પુરાવો ધ્યાને રાખવામાં આવે તો તેઓ સ્પષ્ટ પણે જણાવેલ છે કે, આરોપીઓને અટક કરી નામ. કોર્ટમાં રજુ કરેલા, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ

, સારવારના કાગળ મેળવેલ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલી આથી વિશેષ કોઈ હકીકત સાહેદના પુરાવાથી બહાર આવતી નથી. તપાસ અધિકારી એ ઉ.ત.માં સ્વીકાર્યા મુજબ ફરીયાદીને તેમના કૌટુબિંક મોટાબાપા દીકરા ઓ સાથે રસ્તા બાબતે કોઈ તકરાર ચાલતી હોવા બાબતે કોઈ તપાસ કરેલ નથી, તપાસ દરમિયાન જે સાહેદોના નિવેદન લીધેલ છે તે તેમના સગા સંબધી છે તેમજ નજરે જોનાર સાહેદના નિવેદન લીધેલ નથી. તપાસ દરમિયાન જીલ્લા કલેકટર કચેરી દવારા બહાર પાડવામાં આવેલ સંદર્ભે કોઈ કર્મચારી કે અધિકારી નિવેદન લીધેલ નથી. આ કામે આંક–૩૩ સાહેદ સંજયભાઈ ને સોગંદ પર તપાસવામાં આવેલ છે  તેઓના પુરાવા મુજબ હથિયાર બંધી જાહેરનામુ તા. ૬/૩/૨૪ ના રોજ પ્રસિધ્ધ થયેલ જે તા. ૭/૩/૨૪ થી તા. ૫/૪/૨૪ બન્ને દીવસો સહીતનુ હતુ સાહેદના પુરાવા દરમિયાન આ હથિયારબંધીના જાહેરનામા નકલ આંક–૩૪ થી રજુ થયેલ છે સાહેદે સ્વીકારેલ છે કે તેઓ કલાર્ક છે તેઓને જાહેરનામુ પ્રસિધ્ધ કરવાના તેમને પાવર્સ નથી જાહેરનામુ તેમનુ પ્રસિધ્ધ કરેલ નથી. આમ, સમગ્ર પણે જોવામાં આવે તો ફરીયાદપક્ષના પુરાવા સતત વિરોષભાસ જણાય આવે છે અને ફરીયાદી પોતે ઈજા પામનાર સાહેદ છે તેઓ તેમની ફરીયાદ હકીકતથી વિપરીત હકીકતો સોગંદ પર જણાવેલ છે આથી વિશેષ હકીકત જોવામાં આવે તો ફરીયાદ તા. ૧૨/૩/૨૪ ના રોજ કલાક ૧૬:૩૦ વાગ્યે આપવામાં આવેલ છે જયારે બનાવ તા. ૧૧/૩/૨૪ ના રોજ બનેલાનુ જણાવેલ છે. ફરીયાદ વિલંબથી આપવાનુ કોઈ કારણ પ્રોશીકયુરશન રેકર્ડ પર લાવી શકેલ નથી. આંક–૩૦ થી ત.ક.અ નો પુરાવો ધ્યાને રાખવામાં આવે તો તેઓ પો.સ્ટે માં ફરજ પર હાજર હતા ત્યારે ફરીયાદી મનસુખભાઈ એ તેમના રૂબરૂ ફરીયાદ હકીકત જાહેર કરેલ તેવુ જણાવેલ છે એટલે કે ફરીયાદ આ કામના ફરીયાદી હોસ્પીટલમાં દાખલ હોય અને નોંધવામાં આવેલી હોય તેવુ  બનેલ નથી. જયારે ફરીયાદી આંક–૧૨ થી સરતપાસમાં એવુ જણાવેલ છે કે તેઓ દસેક દીવસ સમય હોસ્પીટલમાં દાખલ રહેલા અને જો ફરીયાદી ૧૧ તારીખે બનાવ બન્યો હોય અને તે જ દીવસે સાંજે દવાખાને દાખલ થતા હોય અને દસ દીવસ સુધી દાખલ રહયા હોય તો ૧૨ તારીખે ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં કેવી રીતે ફરીયાદ આપી તે શંકા ઉપજાવે તેવી બાબત છે જે તમામ હકીકતો ને ધયાને રાખતા આ કામના

ફરીયાદીએ તેઓને આરોપીઓ સાથેની અગાઉની તકરારો ને લીધે પુર્વગ્રહ થી આ કામના ફરીયાદ આપેલ હોવાનુ માનવાને કારણ રહે છે આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો, આંક– ૧૪ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આંક–૧૭ થી આરોપીની શરીર સ્થિતીનુ પંચનામુ સ્વતંત્ર એવા પંચ સાહેદોના સોગંદ પરના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે આમ, સમગ્ર પણે ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરી શકેલ નથી.

**(૨૧)** વધુમાં, આ કામ હાલના આરોપીઓ સામે ફરીયાદપક્ષ દ્વારા આઇ.પી.સી. ની કલમ–૫૦૪ મુજબના ગુનાનો પણ આક્ષેપ મુકવામાં આવેલ છે પરંતુ, સદરહુ ગુના કયારે સાબિત થયેલ ગણાય તે અંગે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭ " પ્રવિણ ભાઈ બી. વણકર વિ. ગુજરાત રાજ્ય" નો ચુકાદો ધ્યાને લેતા, તેમા ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૫૨ મુજબના ગુન્હા માટે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ, તેમજ આરોપી દવારા અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ જ નહિ, પરં તુ અપમાનીત વ્યક્તિને જાહેર શુલેહ શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ. તેવું ઠરાવેલ છે. આમ, આ કામે પણ જયારે રેકર્ડ પરથી આ કામના કયા આરોપીએ ફરીયાદપક્ષના કયા સાહેદને ચોકકસ શું ગાળો આપેલ કે, ચોકકસ શું ધમકી આપેલ તે હકિકત પણ જ્યારે ચોકકસપણે રેકર્ડ પર સાબિત થયેલ નથી, તે સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ, સદરહુ ગુના અંગેના કોઈ તત્વો પણ ફરીયાદપક્ષે નિશંકપણે આ કામના આરોપીઓ સામે રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ નથી. આમ, સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં આરોપીઓએ ફરિયાદી સાથે ગાળા ગાળી કરી ફરીયાદીને પાવડા વડે મારેલ હોય તેવું યોગ્ય કે માનવાલાયક કોઈ પુરાવા થી સાબિત થતુ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો શંકા થી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

**(૨૨)** હવે જયારે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપ શંકાથી પર રહીને પુરવાર કરી શકેલ નથી. ત્યારે બનાવ, તારીખ સમય સ્થળે જીલ્લા મેજીસ્ટ્રેટ જાહેરનામુ અમલમાં હોય અને તે જાહેરનામાનો આ કામના આરોપીએ પાવડાનો હથિયાર તરીકે ઉપયોગ કરી ભંગ કરેલ હોય તેવી કોઈ લેશમાત્ર હકીકત પુરવાર થતી નથી.વળી આ કામે ફરીયાદી કે તેમના પત્ની મુદામાલ તરીકે કબજે લેવાયેલ હથિયાર પાવડો ઓળખી બતાવી શકતા નથી. જે તમામ

હકીકતો ની ન્યાયિક નોંધ લેતા આરોપીઓએ હથિયારબંધી જાહેરનામાનાો ભંગ કરેલ હોવાની હકીકત અહી પુરવાર થતી નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખતા આ કામે ફરીયાદપક્ષ તેમનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરી શકેલ નહી હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણે માનવુ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આ કામના આરોપી : **(૧) મુળજીભાઈ શામજીભાઈ નારીયા (૨) ભગવાનજીભાઈ ઉર્ફે બાઘુ શામજીભાઈ નારીયા** રહે. નવાગામ, તા. કાલાવડ, જી. જામનગર વાળાઓને સી.આર.પી.સીની કલમ– ૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી. કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ મુજબના આક્ષેપિત ગુનાના તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વીત્યે, મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ મુદામાલનો નિયમાનુસાર નાશ કરવો.

(૩) આરોપીઓએ અગાઉ ટાયલ માટે આપેલા જામીનખત રદ કરવામાં આવે છે. તેમજ આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(૧) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રુા.૧૫,૦૦૦/– અંકે રૂપીયા પંદર હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજ તા. ૧૮મી, જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – કાલાવડ
તારી. – ૧૮ /૦૬/૨૦૨૬.

(અક્ષયકુમાર સુર્યકાન્ત જાની)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કાલાવડ
**[GJ01606]**